# ૬૦ ટકાથી વધુ પાકની નુકસાની હોય તો પ્રતિ હેકટર ૨૫ હજારની સહાય

## ખરીફ ૨૦૨૦માં યોજના અમલી થશે : કિસાન સહાય યોજનામાં પાક વીમાનું પ્રિમિયમ માફ કરાશે : મહત્તમ ૪ હેકટરની મર્યાદામાં અપાશે

ગાંધીનગર, તા.૧૦

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજયના લાખો કિસાનોના વ્યાપક હિતમાં મુખ્યમંત્રી કિસાન યોજનાની જાહેરાત કરી છે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને કૃષિ મંત્રી આરસી ફળદુ, રાજયમંત્રી જયદ્રથસિંહ પરમાર તેમજ મુખ્ય સચિવ અનિલ મુકીમની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં આ યોજનાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે ખેતીમાં ખાસ કરીને ખરીફ ઋતુમાં વરસાદની અનિયમિતતા ખેડૂતોને આર્થિક નુકશાન કરનાર પરિબળ છે. આવા કુદરતી આપત્તિમાં ખેડૂતોને થતા પાક નુકસાન માટે પારદર્શક અને સરળ પદ્ધતિ જેમાં રાજયના બધાજ ખેડૂતોનો સમાવેશ થાય અને નુકસાન થયેલ કોઈ ખેડૂત રહી ન જાય તે ધ્યેય સાથે ખરીફ ઋતુમાં કુદરતી આપત્તિથી થયેલ પાક નુકશાન સામે ખેડૂતોને સરળતાથી લાભ આપવા અને તમામ પાક અને સમગ્ર રાજયના વિસ્તારોને આવરી લે તેવી આ યોજના અમલમાં મૂકવા રાજય સરકારે નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે આ યોજનાનો લાભ રાજયના નાના મોટા સિમાંત બધાજ ખેડૂતોને આવરી લેવાયા છે. રાજયના અંદાજે ૫૬ લાખથી વધુ કિસાનોને આ યોજનાનો લાભ મળશે. એટલું જ નહિ આ યોજના માટે ખેડૂતે કોઈ જ પ્રીમિયમ ભરવાનું રહેશે નહિ તેમ પણ તેમણે જણાવ્યું હતું. આ યોજના સરળ અને પારદર્શી છે તેની ભૂમિકા આપતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે પાક વીમા યોજનામાં જે ખેડૂતોએ પ્રિમીયમ ભર્યુ હોય તેને જ લાભ મળતો હતો, હવે આ મુખ્યમંત્રી કિસાન સહાય યોજનામાં કોઈ પ્રિમીયમ ભર્યા વગર સહાય મળતી થશે. તેમણે જણાવ્યું કે એસડીઆરએફના લાભો યથાવત રાખીને આ મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાના લાભ અપાશે. મુખ્યમંત્રીએ આ યોજનાની વિસ્તૃત વિગતો પ્રચાર માધ્યમો સમક્ષ આપતા જણાવ્યું કે આ યોજના હેઠળના ત્રણ પ્રકારના જોખમોમાં સહાય આપવાનો અભિગમ છે. જોખમોથી થયેલ પાક નુકશાનને સહાય માટે પાત્ર ગણવામાં આવશે. આ ત્રણેય જોખમો સામે સહાયના ધોરણો અને અન્ય વિગતો તેમણે આપી. જે તાલુકામાં ચાલુ સિઝનનો ૧૦ ઈંચથી ઓછો વરસાદ પડેલ હોય અથવા રાજયમાં ચોમાસુ શરૂ થાય



ત્યાંથી તા. ૩૧ ઓગસ્ટ સુધીના સમયગાળામાં બે વરસાદ વચ્ચે સતત ચાર અઠવાડિયા (૨૮ દિવસ) વરસાદ પડેલ ન હોય એટલે કે સતત શૂન્ય વરસાદ હોય અને ખેતીના વાવેતર થયેલ પાકને નુકશાન થયેલ હોય તેને અનાવૃષ્ટિ (દુષ્કાળ)નું જોખમ ગણવામાં આવશે. તાલુકાને યુનિટ ગણી અતિવૃષ્ટિના પ્રસંગો જેવા કે વાદળ ફાટવું, સતત ભારે વરસાદ કે જેમાં દક્ષિણ ગુજરાત રિજિયનના જિલ્લાઓ (ભરુચ, નર્મદા, તાપી, સુરત, નવસારી, વલસાડ અને ડાંગ) માટે ૪૮ કલાકમાં ૩૫ ઈંચ કે તેથી વધુ અને તે સિવાયના રાજયના તમામ જિલ્લાઓમાં ૪૮ કલાકમાં ૨૫ ઈંચ કે તેથી વધુ વરસાદ મહેસુલી તાલુકાના રેઈન ગેજ મુજબ નોંધાયેલ હોય અને ખેતીના વાવેતર કરેલ ઊભા પાકમાં થયેલ નુકશાનને અતિવૃષ્ટિનું જોખમ ગણવામાં આવશે. ૧૫ ઓક્ટોબર થી ૧૫ નવેમ્બર સુધીમાં મહેસુલી તાલુકાના રેઈન ગેજમાં સળંગ ૪૮ કલાકમાં ૫૦ મીમીથી વધુ વરસાદ પડે અને ખેતીના પાકને ખેતરમાં નુકસાન થાય તો તે કમોસમી વરસાદ (માવઠું)નું જોખમ ગણવામાં આવશે.

### સહાય યોજનાના મુખ્ય અંશ

- ખેડૂતોની અરજી ઓનલાઈન મેળવવા માટે પોર્ટલ તૈયાર કરાશે
- લાભાર્થી ખેડૂતોએ ઈ-ગ્રામ સેન્ટર ઉપર જઈ પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. મંજુર થયેલ સહાય લાભાર્થીઓના બેંક એકાઉન્ટમાં સીધી ડીબીટી દ્વારા ચૂકવવામાં આવશે
- લાભાર્થી ખેડૂતોનાં પ્રશ્નોના ઉકેલ માટે ગ્રીવન્સ રિડ્રેસલ મિકેનિઝમની વ્યવસ્થા ખાસ ઉભી કરવામાં આવશે
- ખેડૂતોના માર્ગદર્શન માટે ટોલ ફ્રી નંબરની સેવા ઉપલબ્ધ કરાવવામાં આવશે
- વિજય રૂપાણીએ આ યોજના અન્વયે પાક નુકસાન અંતર્ગત ગામો/તાલુકા/વિસ્તાર જાહેર કરવાની પ્રક્રિયાની જે માહિતી આપી તે મુજબ
- અનાવૃષ્ટિ(દુષ્કાળ), અતિવૃષ્ટિ અને કમોસમી વરસાદ(માવઠું)ના કારણે પાકને નુકસાન થાય તેવા અસરગ્રસ્ત ગામો/તાલુકા/વિસ્તારની યાદી જિલ્લા કલેકટર દ્વારા તૈયાર કરવામાં આવશે
- ઘટના બન્યાના સાત દિવસની અંદર કલેક્ટર દ્વારા રાજ્ય સરકારની (મહેસુલ વિભાગની) મંજૂરી અર્થે મોકલી આપવામાં આવશે
- રાજ્ય સરકારની (મહેસુલ વિભાગ) દરખાસ્ત મળ્યાના ૭ દિવસમાં આ યોજનાના લાભ માટે અસરગ્રસ્ત વિસ્તાર/ગામ/તાલુકાની યાદી મંજૂરીના હુકમો કરશે
- મુખ્યમંત્રીએ પાક નુકશાનનાં સર્વેની કામગીરી અંગે જણાવ્યું
- રાજ્ય સરકાર દ્વારા અસરગ્રસ્ત ગામો/તાલુકા/વિસ્તારની યાદી મુજબ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સર્વે ટીમો બનાવી અસરગ્રસ્ત ગામો/તાલુકા/વિસ્તારના અસરગ્રસ્ત ખેતરોનો પંચનામા સહિતનો સર્વે ૧૫ દિવસમાં કરાવશે
- સર્વે પૂર્ણ થયા બાદ આ યોજના હેઠળ સહાય મેળવવા પાત્રતા ધરાવતા ખેડૂતોની યાદી જિલ્લા વિકાસ અધિકારીની સહી વાળા હુકમથી જાહેર કરશે
- આ યાદી ૩૩% થી ૬૦% અને ૬૦%થી વધુ નુકસાન એમ બે પ્રકારના નુકશાનની યાદી જાહેર થશે એમ તેમણે ઉમેર્યું હતું

# અક્ષત હેવનમાં ચાલતા જુગારધામ પર એલસીબી પોલીસ ત્રાટકી

## ૮ જુગારીઓ ૧,૧૬,૬૧૦ ના મુદ્દામાલ સાથે ઝડપાયા, ઉવારસદ ચોકડી પાસેથી ૫ શકુની ઝડપાયા

ગાંધીનગર,તા.૧૦

ગાંધીનગર શહેરી વિસ્તારમાં શ્રાવણીયા જુગારની મૌસમ પુરબહારમાં ખીલી હોય તેમ લાગી રહ્યું છે. જુગારીઓ રાત ઢળતા જ બાજી માંડીને બેસી જાય છે. ત્યારે ગાંધીનગર એલસીબી-૧ કુડાસણ વિસ્તારના અક્ષત હેવન ફ્લેટ અને ઉવારસદ ચોકડી નજીક પાર્લરની પાછળ મકાનમાંથી જુગાર રમતા જુગારીઓને ઝડપી પાડ્યા છે. એલસીબી પોલીસે રેઈડ પાડીને ૧૩ જુગારીઓ, ૧૧ મોબાઈલ, અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧,૫૧,૨૦૦ રોકડ જપ્ત કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. એલસીબીએ બે સ્થળો પર રેઈડ પાડતા જુગારીઓમાં ફફડાટ ફેલાયો છે.




મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમ કાર્યરત હતી તે સમયે ટીમના સભ્યોને કુડાસણ વિસ્તારમાં આવેલા અક્ષત હેવન ફ્લેટ ખાતે જુગાર રમાઈ રહ્યો છે તેવી બાતમી મળી હતી. જેને પગલે પોલીસે અક્ષત હેવનના ફ્લેટ નં. ઓ-૩૦૨ ખાતે રેઈડ પાડતા જુગાર રમતા ૮ જુગારીઓ પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા.પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી રોકડ રકમ રૂ.૮૧,૧૧૦ તેમજ ૮ મોબાઈલ સહિત કુલ રૂ. ૧,૧૬,૬૧૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

જયારે એલસીબી પોલીસે ઉવારસદ ચોકડી નજીક આવેલા પાર્લરની પાછળની ભાગમાં આવેલા મકાનની ઓરડીમાં રેઈડ પાડી જુગાર રમતા ૫ શકુનીઓને પકડી પાડ્યા હતા. પોલીસે દાવ પરથી તેમજ અંગજડતી દરમિયાન રૂ.૨૮,૫૯૦ તેમજ ૩ મોબાઈલ ફોન મળીને કુલ રૂ.૩૪,૫૯૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. એલસીબી પોલીસે તમામ સામે કાયદેસની કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીનગર એલસીબી પોલીસે બે સ્થળે રેઈડ પાડી જુગાર રમતા જુગારીઓને રંગેહાથ પકડી પાડતા જુગારીઓમાં ભયનો માહોલ જોવા મળ્યો છે.

### કુડાસણ અક્ષત હેવન ફ્લેટમાંથી ઝડપાયેલા જુગારીઓ

- શૈલેશ ઉર્ફે સાગરભાઈ હરગોવનભાઈ પટેલ રહે. બ્લોક નં.ઓ-૫૦૩ અક્ષત હેવન, કુડાસણ
- સચિન નારણભાઈ પટેલ રહે. બ્લોક નં.આઈ-૧૦૪ અક્ષત હેવન, કુડાસણ
- વિજય રામભાઈ પટેલ રહે. બ્લોક નં.આઈ-૧૦૪ અક્ષત હેવન કુડાસણ
- ચંદુભાઈ બબાભાઈ ઠાકોર રહે.કુડાસણ ગામ આંબલીવાળો વાસ
- ચેતન રામભાઈ પટેલ રહે. બ્લોક નં-ઈ-૧૦૪ અક્ષત હેવન કુડાસણ
- કમલેશ છોટાભાઈ પટેલ રહે. બ્લોક નં. જે- ૨૦૪ અક્ષત હેવન કુડાસણ
- મનિષ ભગવાનદાસ પટેલ રહે. ઈન્દ્રલોક સોસાયટી ન્યું રાણીપ અમદાવાદ
- વિજય હરગોવિંદભાઈ પટેલ રહે. ધોળાકુવા ગામ પટેલવાસ

### ઉવારસદ ચોકડી પાર્લર પાછળ મકાનમાંથી ઝડપાયેલા જુગારીઓ

- રાજેશ કાળાજી ઠાકોર રહે.ચેહરમાતાના મંદિર બાજુમાં અડાલજ ગામ
- શંકરજી કાનાજી ઠાકોર રહે. જોગણી માતાના મંદિર બાજુમાં ખાંટવાસ સઈજ ગામ
- દોલસંગજી ગલાજી ઠાકોર રહે. મોતીનગર કલોલ પૂર્વ
- રોહિતજી મણાજી ઠાકોર રહે. ઠાકોરવાસ ઓગણજ ગામ
- સંજય રમેશજી ઠાકોર રહે. સઈજ ગામ માધુપુરા

# ચિલોડા પંથકમાં શ્રાવણિયો મેઘ મહેરબાન થતાં ખરીફ પાકને જીવતદાન, ખેડૂતોમાં રાહતની લહેર



ચિલોડા, તા. ૧૦

કોરોનાનો કહેર અને મેઘરાજાની મહેર વચ્ચે અષાઢ-શ્રાવણ માસમાં શનિવારની સાંજથી મેઘરાજાની ધીમીધારે એન્ટ્રી થતાં ખરીફ પાક ડાંગર, મગફળી, કપાસ અને પશુપાલકો માટેનો લીધો ઘાસચારો જેવા પાકો સુકાતા-મુંઝાતા પાકોને કાચા સોના સમાન વરસાદ વરસતાં પાકોને જીવનદાન મળતાં ખેડૂતોમાં અનેરો આનંદ સાથે રાહતની લાગણી પ્રસરવા પામી છે. શ્રાવણ માસના પર્વમાં સૌ ધર્મપ્રેમી લોકો તહેવાર ઉજવવામાં મશગુલ બન્યા છે. ત્યારે આકાશમાંથી મેઘરાજાની પધરામણી થતાં અનેરો આનંદ અને ઉમંગ સાથે સંતોષનો અહેસાસ થઈ રહ્યો છે. ડાંગર-મગફળી અને કપાસના પાકોને માફકસર વરસાદનુ પાણી મળતાં અમૃત સમાન જળ પાકને વધુ ફાયદારૂપ સાબિત થશે તેવુ ખેડૂતો માની રહ્યા છે. હજુ મેઘરાજા મન મુકીને વરસે તેવી પ્રાર્થના કરી રહ્યા છે. પરિણામે આગામી શિયાળાનો પાક અને વરસાદી પાણીનું જળસંચય થાય તે વધુ ફાયદારૂપ બને તેવુ ઈચ્છી રહ્યા છે. આમ છેલ્લા દોઢ માસથી વરસાદ માટે ખેડૂતો આકાશ તરફ મીટ માંડીને બેઠા હતા. ત્યારે સમયસર અને માફકસર વરસાદની પધરામણી થતાં ખેડૂતોમાં ચિંતા ટળતાં કુદરતની લીલા અપરંપાર છે તેવો અહેસાસ થઈ રહ્યો છે.



ગાંધીનગરના સેક્ટર-૩૦માં વીર સાવરકર નગર ખાતે રહીશો દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સ્થાનિક કોર્પોરેટર પ્રિતીબેન દવેએ ઉપસ્થિત રહી વૃક્ષારોપણ કરી રહીશોનો ઉત્સાહ વધાર્યો હતો. આ પ્રસંગે વીર સાવરકરનગરના પ્રમુખ મહેન્દ્રસિંહ સોલંકી, કારોબારી સભ્ય અનિલભાઈ ચૌધરી તથા સંદિપસિંહ ઉપરાંત સ્થાનિક અગ્રણી ધવલ દવે અને વસાહતના રહીશો ઉપસ્થિત રહ્યા હતા.

## ખૂણેખાંચરેથી

- ગુજરાતમાં વિધાનસભાની પેટા-ચૂંટણીઓ અંગે પંચ દ્વારા આજ કાલમાં ચિત્ર સ્પષ્ટ થઈ જશે. કોંગ્રેસ અને ભાજપે આ ચૂંટણીઓ મુલ્તવી રાખવામાં આવે તેવી પંચને રજુઆત કરી છે.
- ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યામાં ઘટાડાનો ટ્રેન્ડ શરૂ થયો છે.
- ભાજપ સંરચનામાં પહેલાં શહેર ભાજપનું સંગઠ્ઠન રચાશે તેવી અટકળો રાજકીય ગલિયારીઓમાં ચર્ચાનો મુદ્દો બની છે.
- ગાંધીનગર શહેરના એક મહિલા તબીબને ચા ના કપમાં ચા ઉપરાંત પાણી ભેળવી અને તેની લિજ્જત લ્હેવાનો અનોખો શોખ છે.
- ગાંધીનગર શહેરમાં આજે સવારે વરસાદ નોંધાયા બાદ બપોર પછી વિરામ લેતાં નગરજનો ખરીદી માટે ઉતાવળા થયેલા જણાયા હતા.
- સચિવાલય સહિતની તમામ કચેરીઓમાં રજાનો માહોલ જોવા મળી રહ્યો છે.

# ઓમકાર પાન પાર્લર સ્વાતંત્ર પર્વની ઉજવણીનો કાર્યક્રમ મોકુફ રખાયો

ગાંધીનગર તા ૧૦

કોરોનાની મહામારીને ધ્યાને લઈ આ વર્ષે સે-૨૧ સ્થિત ઓમકાર પાન પાર્લર દ્વારા સ્વાતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવશે નહીં. આ તબક્કે ઓમકારસિંઘ ઠાકુરે જણાંવ્યુ છે કે કોરોનાની મહામારીમાં દેશ દુનિયાના નાગરિકો કોરોના વોરિયર્સ બનીને લડત આપી રહ્યા છે દેશમાં પણ કોરોનાના કેસ વધ્યા છે. જયારે ગુજરાતમાં પણ કોરોના કેસની સંખ્યા વધી છે. આવા સંજોગોમાં ઉજવણી પ્રસંગે ભીડ એકત્રિત થાય તો સંક્રમણ વધવાની સંભાવના છે ત્યારે આપણો દેશ ખુબ જ જલ્દીથી આ મહામારી સામે જીત મેળવી લેશે. ઓમકાર પાન પાર્લર દ્વારા દર વર્ષે તા ૧૫ ઓગષ્ટના રોજ સ્વાતંત્ર પર્વની ઉજવણી નિમિત્તે દેશભકિતના ગીતોનો કાર્યક્રમ યોજવામાં આવે છે. જયારે આ તબક્કે ઉપસ્થિત મુલાકાતીઓને જલેબી ખવડાવી મોં પણ મીંઠુ કરાવવામાં આવે છે. દેશની પ્રગતિ અને નાગરિકોની તંદુરસ્તીની પ્રાર્થના સાથે આ વર્ષે કોરોનાની મહામારીના સંજોગોમાં ઉજવણીનો કાર્યક્રમ મોકુફ રાખવામાં આવ્યો હોવાનુ પણ તેમણે જણાંવ્યુ છે.

# જિલ્લાના ગ્રામ્ય કક્ષાએ ૧૫મી ઓગષ્ટ સુધી ગંદકી મુક્ત ભારત અભિયાન

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે તા. ૦૮ થી ૧૫ મી ઓગષ્ટ દરમ્યાન ગ્રામ્ય કક્ષાએ સ્વચ્છતા પરના સકારાત્મક વર્તનને પ્રોત્સાહન આપવાના ઉમદા આશયથી ગંદકી મુકત ભારત અભિયાનની ઉજવણી કરવામાં આવી રહી છે. આ કાર્યક્રમના સુચારું આયોજન અર્થે જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલિની દુહાને જિલ્લાના તમામ ગામના સરપંચશ્રીઓ સાથે વેબીનાર દ્વારા બેઠક કરી હતી.

ભારત સરકારના પેયજળ અને સ્વચ્છતા મંત્રાલય દ્વારા સ્વચ્છ ભારત મિશન (ગ્રા) યોજના અંતર્ગત મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે તા. ૦૮ થી ૧૫ મી ઓગષ્ટ દરમ્યાન સમગ્ર દેશમાં ગંદકી મુક્ત ભારત અભિયાનની ઉજવણી કરવામાં આવી રહી છે.

આ કાર્યક્રમના સુચારું આયોજન અર્થે જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલિની દુહાન દ્વારા વેબીનાર થકી એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તેમણે કાર્યક્રમ યોજવા પાછળના ઉમદા આશયની વાત કરી જણાવ્યું હતું કે, આ સ્વચ્છતા ઝુંબેશ દરમ્યાન વૃક્ષારોપણ, જાહેર મકાનોને વ્હાઈટ વોશ દ્વારા સફાઈ, પ્લાસ્ટિક કલેકશન, સ્વચ્છાગ્રહીઓને પ્રોત્સાહિત કરવા તેમજ શાળાના બાળકો દ્વારા ઓનલાઈન નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવા જેવી પ્રવૃત્તિઓ પણ ગામમાં કરવા ભારપૂર્વક જણાવ્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલિની દુહાને જણાવ્યું હતું કે, સ્થાનિક વિચારો અને નવીનતા પર આધારિત પગલા ઉપરાંત પ્રવર્તમાન કોવિડ-૨૦૧૯ની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ઉજવણી દરમ્યાન સામાજિક અંતર અને સ્વચ્છતાને લગતી તમામ સાવચેતીઓનું પાલન કરવા ભારપૂર્વક જણાવ્યું હતું. જયાં શક્ય હોય ત્યાં વર્ચ્યુઅલ પ્લેટફોર્મના આધારે તમામ પ્રવૃત્તિઓનું આયોજન કરવા પર પણ ભાર મુકયો હતો. ગંદકી મુક્ત ભારત અભિયાન ઉજવણી કરવા ભારત સરકાર દ્વારા આપવામાં આવેલા જરૂરી માર્ગદર્શનથી સૌ કોઈને વાકેફ કર્યા હતા.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**

# સાંઈબાબા મંદિર તહેવારોમાં પણ બંધ રહેશે : નરેન્દ્ર શાહ

સે-૩ સ્થિત સાંઈબાબા મંદિર ભાવિકોની આસ્થાનુ કેન્દ્ર સ્થાન છે. જયારે છેલ્લા કેટલાક સમયથી કોરોનાની મહામારીને ધ્યાને લઈ મંદિર બંધ હોવાથી વિવિધ ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન પણ કરવામાં આવતુ નથી. શહેરમાં કોરોનાના વધતા સંક્રમણને ધ્યાનમાં રાખીને સાંઈબાબા મંદિર ટ્રસ્ટ દ્વારા ભાવિકોના હીતને ધ્યાને લઈ હાલના તબક્કે પણ કેટલાક મહત્વના નિર્ણયો લેવાયા છે. સે-૩ સાંઈબાબા મંદિર ટ્રસ્ટના પ્રમુખ નરેન્દ્ર શાહના જણાંવ્યા મુજબ હાલના સાતમ આઠમના તહેવારોમાં પણ મંદિર બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. સમગ્ર દેશ તેમજ શહેરીજનો આ મહામારીમાંથી ઝડપથી બહાર આવે તેમજ સામાન્ય જનજીવન બને તે માટે ભાવિકો દ્વારા પ્રાર્થના પણ કરવામાં આવે છે. આવા સંજોગોમાં તહેવારોમાં મંદિરના દ્વાર ખોલવામાં આવે તો ભીડ વધે અને સંક્રમણની શક્યતા પણ વધી જેથી જન આરોગ્ય સુખાકારીને ધ્યાન લઈને મંદિર ટ્રસ્ટ દ્વારા સર્વાનુમતે સાતમ આઠમના તહેવારોમાં પણ મંદિર બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે.

# આદિવાસી દિવસની ઉજવણીના ભાગરૂપે વૃક્ષારોપણ કરાયું

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા આલમપુર ખાતે નિર્માણાધીન શૈક્ષણિક સંકુલમાં રવિવારે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીના ભાગરૂપે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

સંયુક્ત રાષ્ટ્રસંઘ 'યુનો' દ્વારા તા. ૯મી ઓગષ્ટને વિશ્વ આદિવાસી દિવસ જાહેર કરવામાં આવ્યો છે. ગાંધીનગરમાં વસતા આદિવાસી સમાજના નાગરિકો દ્વારા દર વર્ષે આ દિવસની રંગેચંગે ઉજવણી કરવામાં આવે છે અને તેમના પરંપરાગત વસ્ત્રો તથા સાજ-શણગાર અને આયુધોથી સજ્જ થઈને રેલીનું આયોજન કરાય છે. જો કે આ વર્ષે કોવિડ-૧૯ સંક્રમણનું જોખમ હોવાથી રાજ્ય સરકાર દ્વારા આવી કોઈ પણ જાહેર ઉજવણી પર નિયંત્રણો લાદી દેવામાં આવ્યાં છે. જેને અનુલક્ષીને પ્રકૃતિપ્રેમી શ્રી ડુંગર ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા રવિવારે ''વિશ્વ આદિવાસી દિવસ''ની ઉજવણી સાદગીથી વૃક્ષારોપણ સાથે કરવામાં આવી હતી. આ વૃક્ષારોપણ કાર્યક્રમ ગાંધીનગર-ચિલોડા માર્ગ પર આલમપુર ખાતે વિકસી રહેલા સમાજના શૈક્ષણિક સંકુલ ખાતે યોજાયો હતો. જેમાં સંસ્થાના પ્રમુખ ભરતભાઈ મોડિયા, પૂર્વ પ્રમુખો નામદેવ વર્સાત અને ડૉ. કે.એન. બામણીયા સહિત રાજ્ય વેરા નાયબ કમિશનર જયંતીભાઈ નિનામા વગેરે ઉપસ્થિત રહ્યાં હતા.

**જાહેર નિવિદા નં. ૦૬ સને ૨૦૨૦-૨૧**

ગુજરાત રાજ્ય બાંધકામ ખાતાના તથા સિંચાઈ વિભાગના કોન્ટ્રાક્ટરોની યાદીમાં યોગ્ય શ્રેમીમાં નોંધાયેલ કોન્ટ્રાક્ટરો પાસેથી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. પેટા વિભાગ, મોડાસા, ફોન નં. ૨૪૬૨૪૫ તા. મોડાસા, જી. અરવલ્લીની કચેરી દ્વારા સરકાર મકાનને લગતા રીપેરીંગ કુલ ચાર કામનો અંદાજે નવ લાખના કુલ રકમના ટેન્ડરો રજી.પો.એ.ડી. માન્ય ઈજારદારશ્રી પાસેથી મંગાવવામાં આવે છે. જેના કોરા ટેન્ડરો તા. ૨૧/૮/૨૦૨૦ સુધીમાં જરૂરી દસ્તાજેવો તથા ટેન્ડર ફી રજૂ કરવાથી આપવામાં આવશે. જે રજી.પો.એ.ડી.થી પરત લેવાની છેલ્લી તા. ૨૭/૮/૨૦૨૦ છે. આ કામોની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

નામાનિ/હિંમત/૧૭૭/૨૦૨૦